પાટનગર પાસેનું પેથાપુર અસુવિધાયુક્ત !!!

નગરપાલિકાના સત્તાધીશો વીજળી, પાણી અને ગટરોની સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ રહ્યા : ભૂગર્ભ ગટરના કામો માટે આખુ ગામ ખોદી નાખ્યુ : નગરજનોને હાલાકી

ગાંધીનગર, તા. ૨૫

પાટનગરની પાદરે આવેલ પેથાપુર ગામમાં સુવિધાના નામે મીંડુ જોવા મળી રહ્યું છે. નગરજનો પ્રાથમિક સુવિધા ન મળવાના કારણે હાલાકીનો સામનો કરી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. નગરપાલિકાના સત્તાધીશોને અનેક રજૂઆતો કરવા છતાં બહેરા કાને વાત સાંભળાતી નથી.

ગાંધીનગર પાસેના પેથાપુર ગામના રહિશો તોબા પોકારી ઉઠ્યા છે. નગરમાં રસ્તા એટલા ખાડા બન્યા છે. ભૂગર્ભ ગટર યોજનાના નિર્માણ માટે ઠેર ઠેર ખાડા કરવામાં આવ્યા છે. જેના કારણે નાગરિકોને વાહન લઈને તો ઠીક પરંતુ ચાલતુ નિકળવુ પણ મુશ્કેલ બન્યું છે.

ગટરલાઈનની સુવિધા આપવા માટે લાંબી નહેરો બનાવવામાં આવી છે પરંતુ આ નહેરોને ગટરમાં રૂપાંતરિત કરવામાં આવતી નથી. જેના કારણે કાદવ-કિચડનું સામ્રાજ્ય ફેલાઈ ગયું છે. એક ઈંચ વરસાદમાં ગામમાં દસ ઈંચ વરસાદ જેટલું ચિત્ર ઉપસી આવે છે.

પરિણામે ટ્રાન્સપોર્ટ ઉપર અસર પડે છે. એસ.ટી. બસ ડેલીએ હાથ દઈ પરત ફરે છે અને મુસાફરો રાહ જોઈ બેસી રહે છે.

નગરમાં એક માત્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કે જ્યાં આરોગ્યની સેવાઓ પણ કથળી રહી છે. છેલ્લા એક વર્ષથી કાયમી કોઈ ડૉક્ટર જ નથી. જેથી ગ્રામજનોને પ્રાથમિક સારવાર માટે છેક સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર સુધી ધક્કા ખાવા પડે છે. એટલું જ નહી રાત્રીના સમયે પ્રસુતિના કેસોમાં પણ ચોમાસાના સમયે ખૂબ જ અગવડતા રહેતી હોય છે તો સત્વરે તબીબી અધિકારીની નિમણુંક થાય તેવી ગ્રામજનોની ઉગ્ર માંગ ઉઠી છે.

નગરમાં પીવાના પાણી માટે પણ ખૂબ જ મુશ્કેલીઓ પડી રહી છે. દિવસમાં એકવાર જ પાણી આપવામાં આવે છે તે પણ પૂરતા સમય માટે નહી. ગામમાં પાંચ જેટલા પાણીના બોરની વ્યવસ્થા છે છતાંય પણ નગરપાલિકા દ્વારા અણઘડ વહીવટના કારણે કોઈ જ વ્યવસ્થા ગોઠવાતી નથી. તેમજ પૂરતા પ્રમાણમાં ક્લોરીનેશનની કામગીરી પણ થતી નથી અને તાજેતરમાં કોલેરાના બે કેસો નોંધાતા ચીફ ઓફિસરને આરોગ્ય વિભાગ દ્વારા નોટિસ પણ ફટકારવામાં આવી છે.

પેથાપુર નગરપાલિકામાં પણ ભ્રષ્ટાચારનો ભોરિંગ ફાટી નિકળ્યો હોય તેવી લોકમુખે ચર્ચાઓ થઈ રહી છે. પ્રજાના સામાન્ય કામો માટે પણ નાણાં આપવા પડે છે. તેમજ પાલિકાનો મોટા ભાગનો વહીવટી સ્ટાફ કે જે ઘણા સમયથી અડિંગો જમાવીને બેઠો છે તેને પણ બદલવા માટે લોકોની ઉગ્ર માંગ છે. નગરપાલિકાનો સ્ટાફ તથા ચીફ ઓફિસર પાણીવેરો, બાકી હોય તેમના નળ કનેક્શન કાપવા માટે રૂબરૂ જાય છે પરંતુ પાણી પુરતા પ્રમાણમાં તથા ફોર્સથી મળતું નથી તો લોકો વેરો ક્યાંથી ભરવાના ?

અગોરા મોલ પાસે મારઝુડ પ્રકરણમાં વોન્ટેડ આરોપી ઝડપાયો

સુરત ધ ગ્રાન્ડ ભગવતી હોટલમાં સિક્યુરીટી મેનેજર તરીકે નોકરી કરતા આરોપીને એસઓજી પકડી લાવી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક અગોરા મોલના માલિક તથા સોસાયટીના સભ્યો વચ્ચે વર્ષ-૨૦૧૩માં મારામારી થતા મોલના કર્મચારીઓ અને સોસાયટીના સભ્યો વિરૂદ્ધમાં સામસામે ગુનો નોંધાવા પામ્યો હતો. આ પ્રકરણમાં અત્યાર સુધી નાસતા ફરતા એક આરોપીને ગાંધીનગર એસઓજીની ટીમ સુરત ખાતેથી પકડી લાવી છે અને તેની ધરપકડ કરી આગળની કાર્યવાહી આરંભી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પી. બી. ચૌહાણ તથા તેમની ટીમના પીએસઆઈ એ.કે. ભરવાડ તથા અન્ય માણસો અડાલજ પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૧૩માં દાખલ થયેલા ગુનાના વોન્ટેડ આરોપીને પકડવા સુરત ગયા હતા. સુરતના ડુમ્મસ વિસ્તારમાં સ્થિત ધ ગ્રાન્ડ ભગવતી હોટલના સિક્યુરીટી મેનેજર નિરંજનસિંગ વન્નારસિંગ પુવાર નામના વોન્ટેડ આરોપીની એસઓજીની ટીમે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી અડાલત પોલીસને સોંપી દીધો છે.

આજે બાજખેડાવાળ સમાજનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

બાજખેડાવાળ સમાજ ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનો ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવશે. આજરોજ રવિવાર સાંજે ૪.૦૦ કલાકે સેક્ટર-૧૬ બાલાજી મંદિર ખાતે ઈનામ વિતરણ સમારોહ યોજાશે. જેમાં જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ કિરણ પંડ્યા, મંત્રી સુરેન્દ્ર ભટ્ટ અને ઉપપ્રમુખ રશ્મી જોષી, હિતેશ ભટ્ટે જણાવ્યું છે.

ચિલોડા પોલીસ મથકના જમાદાર રાઈટર એસીબીની ઝપટમાં

આરોપીને જામીન પર છોડવા રૂ. ૧૫૦૦ની લાંચ માંગી હતી

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા પોલીસના ચિલોડા પોલીસ મથકના જમાદાર અને તેનો રાઈટર જિલ્લા કલેકટરના જાહેરનામાનો ભંગ કરનાર ગેસ્ટહાઉસ સંચાલક પાસેથી લાંચ માંગતા હતા. જામીન પર છોડવા માટે રૂ.૧૫૦૦ની માંગણી કરી હતી. જે અંગે ફરિયાદ થતા ગાંધીનગર એસીબીએ છટકુ ગોઠવીને જમાદાર અને રાઈટર બંનેને લાંચ લેતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસઓજીની ટીમે ચેકીંગ દરમિયાન ગેસ્ટ હાઉસના રજીસ્ટર ન નિભાવનાર ગેસ્ટ હાઉસ સંચાલક સામે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણમાં ચિલોડા પોલીસ મથકે ગુનો નોંધાતા જમાદાર દિલાવરખાન તપાસ ચલાવી રહ્યા હતાં. ગેસ્ટહાઉસ સંચાલકને જામીન મુકત કરવા બદલ જમાદાર દિલાવરખાને રાઈટર વિજયસિંહ મારફતે રૂ. ૧૫૦૦ની લાંચની માંગણી કરી હતી. ગેસ્ટ હાઉસ સંચાલકના પિતા પ્રહલાદરાય મોહનલાલ શાહે ગાંધીનગર એસીબીમાં ફરિયાદ આપતા પી.આઈ. આર.એન. પટેલે તેમની ટીમ સાથે મળીને છટકુ ગોઠવી બંને લાંચીયા પોલીસ જવાનોને રંગે હાથ ઝડપી લીધાં છે.

હજયાત્રીઓ માટે મંગળવારે રસીનો ખાસ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાંથી ચાલુ વર્ષે હજયાત્રીકો માટે જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે રસી આપવાનો કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે. તા. ૨૮મી જુલાઈના સવારે નવ વાગે બાળકોની ઓપીડી વિભાગ રૂમ નંબર-૬ જનરલ હોસ્પિટલ ગાંધીનગરનો લાભ લેવા માટે જનરલ હોસ્પિટલ ગાંધીનગરના તબીબી અધિક્ષકશ્રીએ જણાવેલ છે.

વોન્ટેડ આરોપી પકડાયો

વિસનગર પોલીસ મથકની હદમાં વર્ષ-૧૨માં ૪૨ વર્ષિય શખ્સ દશરથ છેલા ચૌધરીએ ૧૭ વર્ષની કિશોરીનું અપહરણ કરીને તેણી ઉપર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરીયાદ નોંધાવા પામી હતી. આરોપી નાસતો ફરતો હતો. ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે શખ્સને બરોડાથી ઝડપી પાડ્યો છે.

જયોતિ મહિલા મંડળ દ્વારા 'મન મોર બની થનગનાટ' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

જયોતિ મહિલા મંડળ ગાંધીનગર અને વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે અષાઢી નવરાત્રિ નિમિત્તે 'મન મોર બની થનગનાટ કરે' કાર્યક્રમ અંતર્ગત રાધા કૃષ્ણ ગીતો અને વર્ષા ગીતોની સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

આ સ્પર્ધાઓમાં ભજન સ્પર્ધામાં ચૈતન્ય ગ્રુપ પ્રથમ ક્રમે વિજેતા બન્યું હતું. વર્ષા ગીતોમાં દુર્ગા ગ્રુપ પ્રથમ વિજેતા બન્યું હતું. મહિલા મેયર શ્રીમતી હંસાબેન મોદી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલ અને જયોતિકાબેન થાનકીના હસ્તે ઈનામ આપવામાં આવેલ હતા. સુશ્રી જયોતિબેન થાનકીના હસ્તે મેયર શ્રીમતી હંસાબેન મોદી અને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં જયોતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રીમતી રક્ષિતાબેન ઉપાધ્યાયે મહેમાનોનો પરિચય આપ્યો હતો. જયોતિબેન થાનકીએ આશીર્વચન આપેલ હતા. નિર્મળાબેન બક્ષી, આશાબેન સરવૈયા, આશા અડાલજા નિર્ણાયક તરીકે રહ્યા હતા. ચેતનાબેન બુચે સંચાલન કર્યું હતું. જયારે આભારવિધિ મિનલબેન ઓઝાએ કરેલ હતી.

જર્નાલિઝન વિભાગના વિદ્યાર્થીઓ માહિતી વિભાગની મુલાકાતે

સેક્ટર-૧૫ સ્થિત કડી યુનિવર્સિટી જર્નાલિઝમ વિભાગના વિદ્યાર્થીઓએ માહિતી વિભાગની મુલાકાત લીધી હતી. પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદીની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ માહિતી વિભાગમાં થતી કામગીરીથી વાકેફ થયા હતા. સચિવ પુલકભાઈએ વિદ્યાર્થીઓની સાથે હળવી રીતે ઉપયોગી માહિતી પુરી પાડી હતી. (તસવીર : દિલીપ પ્રજાપતિ)

લીંબોદરા પી.પી.આર. શાહ શાળામાં ગણવેશ વિતરણ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર નજીક લીંબોદરા ગામ ખાતે શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા બે જોડી ગણવેશ વિનામૂલ્યે આપવામાં આવ્યા હતા. જેમા મોટી સંખ્યામાં આમંત્રિતો હાજર રહ્યા હતા.

લીંબોદરા સેવા સમાજ તરફથી દર વર્ષ શાળામાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓને ગણવેશ વિતરણ કરવામાં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ જરૂરિયાતમંદ સહિત શાળાના તમામ બાળકોને બે જોડી ગણવેશ આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને પણ ગણવેશ મળતા જ આનંદિત થઈ ઉઠ્યા હતા.

સેક્ટર-૭-ડીમાં ઝુંપડપટ્ટી, ખાણી પીણીની લારીઓથી રોગચાળાનો ભય

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લા કેટલાક સમયથી સેક્ટર-૭-ડીમાં ખાસ કરીને ઝુંપડપટ્ટી વધી ગઈ છે. સેક્ટર-૧૧ના વન વિભાગમાં ઝુંપડપટ્ટી, ઢોરવાડા અને પરોઠા-શાક, ખાણી-પીણીની લારીઓ એસ.ટી. ડેપોની પાછળની દિવાલે સેક્ટર-૭-ડીની સામેની બાજુમાં વધી ગયેલા છે. વાઈબ્રન્ટ વખતે તમામ દબાણો હટાવ્યા હતા. પરંતુ સે. ૧૧ની ડેપોની પાછળની ઝુંપડપટ્ટીને હટાવવામાં આવી નહોતી.

વનખાતાના અધિકારીઓ સાથે ઝુંપડપટ્ટીને મિલીભગતના સંબંધો જગજાહેર છે. આ ઉપરાંત ચૌધરી કોલેજની પાછળની દિવાલે ગેરકાયદેસરના ઝુંપડાઓ ઉભા થઈ ગયા છે. આ લોકો દૈનિક ચીજોનો વેપાર કરે છે. તેનો કચરો પણ રસ્તા ઉપર કરી ગંદકી ફેલાવે છે. ચ-રોડ પર ૨૦૦ મીટરના પ્લોટોની સામે વન વિભાગની જગ્યામાં પણ અનેક ઝુંપડાઓ ઉભા થયા છે.

ઢોર ઢાંખર હોવાથી તેની ગંદકી-શૌચક્રિયા કરે છે. વિશેષમાં સેક્ટર-૭-ડીના દરેક કોમન પ્લોટમાં ઢોરોનો ત્રાસ વધી ગયેલ છે. સરકારશ્રીના સંબંધિત દરેક વિભાગમાં, લોક દરબારમાં પણ રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી થતી નથી. ચોમાસુ શરૂ થયું છે. ગંદકી, ગંદાપાણીનો ભરાવો-મચ્છરના ત્રાસથી રોગચાળો વધી જશે તો સત્તાવાળાઓ ઝુંપડપટ્ટી હટાવવાની કાર્યવાહી કરવાની જરૂર છે. ગાંધીનગર શહેરીજન સંસ્થા સેક્ટર-૭-ડીના પ્રમુખશ્રી જયંતભાઈ ભટ્ટે ઉગ્ર રજુઆતો કરેલ છે.

મામલતદાર કચેરીથી બાઈક ચોરી જનાર બે ઝડપાયા

અમદાવાદ પોલીસે વાહન ચેકીંગ દરમિયાન પકડી સે-૭ પોલીસને સોંપ્યા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરની મામલતદાર કચેરીમાંથી ૮ જુલાઈના રોજ રાજેન્દ્રસિંહ રાણાનું બાઈક ચોરાઈ જતાં સે-૭ પોલીસ મથકમાં ચોરીની ફરીયાદ નોંધાવી હતી. દરમિયાન અમદાવાદ પોલીસના સકંજામાં આ બાઈક ચોરી કરનાર બે શખ્સો આવી જતા બંનેને પકડીને ગાંધીનગર સે-૭ પોલીસને સોંપવામાં આવ્યા છે.

અમદાવાદ પોલીસ વાહન ચેકીંગમાં હતી ત્યારે સીટીએમ ચોકડી નજીક રહેતા અને મુળ ધરમપુર મુંડીયા ગાંધીનગરનાં જયદીપ ઉર્ફે જતિન અર્જુનસિંહ રાણા તથા મીલન અતુલ સોલંકી બે શખ્સોને બાઈકના કોઈ કાગળ વગર બાઈક લઈને ફરતા પકડયા હતાં કાગળ અંગે પુછતાછ કરતા બહાર આવ્યું કે આ બંને શખ્સોએ બાઈક ગાંધીનગર મામલતદાર કચેરીથી ચોર્યું હતું. અમદાવાદ પોલીસે બંનેની ધરપકડ કરીને સે-૭ પોલીસને ટ્રાન્સફર વોરંટથી સોંપી દીધો છે. સે-૭ પોલીસે બંનેની ઝીણવટભરી પુછપરછ શરુ કરી છે.

સંસ્કાર ગૃપ વરૂણદેવની પ્રાર્થના કરશે

મેઘરાજા ગુજરાતમાં મન મુકીને વરસતા નથી. ખેડૂતો, નગરજનો ગરમીથી બેબાકળા બની ગયા છે. ખેતી લાયક વરસાદ ન વરસતા ધરતીપૂત્રોની હાલત દયનીય બની ગઈ છે. સંસ્કાર ગૃપ દ્વારા વરૂણદેવની પ્રાર્થના કરવામાં આવશે. ગાંધીનગરમાં સંસ્કાર ગૃપ દ્વારા વિવિધ સાંસ્કૃતિક અને સમાજીક કાર્યક્રમો કરવામાં આવે છે. સમાજને ઉપયોગી કાર્યક્રમો કરી બાળકોને નવી રાહ ચિંધે છે. આજે રવિવારે સાંજે ૬-૦૦ વાગે સેકટર-૭ બગીચા ખાતે વરૂણદેવને રીઝવવા પ્રર્થના કરશે તેમજ વૃક્ષોની પૂજા અર્ચના કરશે.

આગામી સમયમાં આવતા વિવિધ તહેવારોની ઉજવણીની તૈયારી માટે ચર્ચા કરશે. જેમાં ગૌરી વ્રત નિમિત્તે બાલીકાઓને ફળ વિતરણ, ઈકો એકઝામ પરીક્ષાનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન તેમજ વિસરાઈ ગયેલી અને ભૂતકાળ થઈ ગયેલી રમતોને જીવંત કરવા શાળામાં તેના વિશેની માહિતી પુરી પાડવામાં આવશે.

ડભોડામાં ઘરના બારણે કુદરતી મધપૂડાનું ઝુલતું તોરણ

મધનું બેસવું એ ધન પ્રાપ્તિનો સંકેત હોવાની માન્યતા, જવ્વલે જ જોવા મળતી આવી ઘટના

ગાંધીનગર, તા. ૨૫

મધપૂડો એ વિશેષ કરીને જંગલોમાં અને ખૂણે ખાંચરે પોતાનો આશિયાનો બનાવતા હોય છે. જે માટે લોકોની સ્વાભાવિક પ્રતિક્રિયા રહેતી હોય છે. પરંતુ ગાંધીનગર નજીકના ડભોડામાં મધમાખીઓએ પોતાનું ઘર એક ક્ષત્રિય પરિવારના નિવાસસ્થાને બારણે ઝુલતા તોરણમાં બનાવી સૌને અંચબિત કરી મુકયા છે. આ મધમાખીઓનો મધપૂડો ગામમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. મધમાખીઓથી દૂર રહેતી માનવજાત તેના ઝેરી ડંખથી ભયભીત રહે છે પરંતુ અહીં ઘરના સભ્યો સાથે હળી મળી ગયેલી આ મધમાખીઓએ ઘરના ઉંબર ઉપર ઝુલતા તોરણને ઘર બનાવી અનેક સંદેશા આપી દીધા છે. મખમાખીઓ ઉદ્યમી જીવન જીવી મધુરતાનો સંદેશો આપે છે. ત્યાગ અને એકતાના પ્રતિક રૂપ મધમાખી જો ઘરે મધપૂડો બનાવે તો ભાગ્યોદય સાથે ધન પ્રાપ્તિનો સંકેત હોવાની માન્યતા સમાજમાં રહેલી છે. જેથી લોકો મધપૂડાને હટાવવાનું અયોગ્ય ગણે છે. ડભોડામાં યાદવનગરમાં રહેતા અને વ્યવસાયે ખેડૂત એવા સેંધાજી બળદેવજી યાદવના નિવાસ સ્થાને મુખ્ય બારણે લગાવેલા તોરણની મધ્યે મધમાખીઓએ મધપૂડો બનાવ્યો છે. શરૂઆતમાં ભયની લાગણી આ પરિવારમાં ઉભી થઈ હતી પરંતુ આ મધમાખીઓ પણ પોતાની મધુરતા મુજબ આ પરિવારમાં હળી મળીને ઘરના સભ્ય જેવી બની જતાં પરિવાર પણ સહર્ષ સ્વીકારીને તેનું જતન કરે છે.

ડભોડા તથા આજુબાજુના વિસ્તારમાં કુદરતી બનેલી આ ઘટનાને જીવંત નિહાળવા અનેક લોકો આવે છે. અને સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. મુખ્યત્વે તોરણથી સકારાત્મક ઉર્જા જ ઘરમાં પ્રવેશ કરે અને આવનાર અતિથિના ઘર પ્રવેશ સમયે તેમનું મન પ્રફુલ્લિત બને તેવો શુભ હેતુ સમાયેલો છે. જેમાં વળી કુદરતના આ કરિશ્માએ આ ઘરમાં પ્રવેશ માટે અનેક શુભ સંકેતો ઉભા કર્યા હોય તેવું દૃશ્ય ઉભું થયું છે. શુભ પ્રસંગો અને દિવાળીએ સૌ કોઈ આસોપાલવના તોરણ બનાવી લક્ષ્મીજીને વધાવતા હોય છે. જયારે કુદરત જ આપોઆપ ઘરના તોરણે આવી ઝુલે ત્યારે જે ભાવ પેદા થાય તેવો અહેસાસ હાલ તો આ પરિવાર કરી રહ્યો છે. કુદરતની લીલા અપરંપાર હોવાનું આ ઉત્તમ ઉદાહરણ ઉભું થયું છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૭
સૂર્યાસ્ત : ૭.૨૭

તાપમાન

મહત્તમ : ૩૧.૬ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૭૩ ટકા
વરસાદ : ૧૪ મી.મી.

મનોરંજન

સિટીપલ્સ

સ્ક્રીન-૧ :
બજરંગી ભાઈજાન : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્ક્રીન-૨ :
બજરંગી ભાઈજાન : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦
બાહુબલી : ૧૦.૦૦

સ્ક્રીન-૩ :
એન્ટ મેન (હિન્દી) : ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫
એન્ટ મેન (અંગ્રેજી) : ૫.૧૫
બજરંગી ભાઈજાન : ૧૦.૧૫

સ્ક્રીન-૪ :
બજરંગી ભાઈજાન : ૧૦.૦૦, ૯.૩૦
ઐસા યે જહાં : ૧.૦૦
બાહુબલી : ૬.૩૦

સ્ક્રીન-૫ :
બજરંગી ભાઈજાન : ૯.૩૦
બાહુબલી : ૧૨.૩૦, ૩.૩૦

આપની આજ

મેષ : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર વિમર્શ થઈ શકશે. વિશેષ ભાગ્યવર્ધક કાર્યોનો યોગ. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

વૃષભ : વિશેષ ઉન્નતિકારક યોગના કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબૂ રાખવો. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : સામાજિક કાર્યોમાં સન્માન પ્રાપ્ત થશે. નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

કન્યા : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સ્થાયી સંપતિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : વિશેષ નાણાંકીય વિચાર-વિમર્શનો યોગ, આર્થિક ક્ષેત્રમાં લાભદાયક કાર્ય થઈ શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગદોડ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

વૃશ્ચિક : માંગલિક, ધાર્મિક કાર્યમાં અડચણની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

ધન : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

કુંભ : નવા કાર્યો માટે ભાગદોડ રહેશે. ભાગીદારીથી વિશેષ લાભ મળશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે